**1Special Atro Case No 01/2020**

**સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૦૧/૨૦૨૦**
**આંક –૨૬**

| સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૦૧/૨૦૨૦ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૧ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | ડાભી સહદેવભાઈ પોપટભાઈ | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 974657358 |
| ઉંમર આશરે | ૨૬ | વરસની | ધંધો | અભ્યાસ |
| રહેવાનુ | ઝેરડા તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | સ્પે.પી.પી.શ્રી | એસ.કે.જોષી. |

(૧) મે બી.એ.સુધીનો અભ્યાસ કરેલો છે. મારા પરીવારમાં મારા પિતા તથા મારી માતા અગરબેન તથા અમો બે ભાઈઓ છીએ. જેમાં સૌથી મોટો શ્રવણભાઈ તેનાથી નાનો હુ છું અને બે બહેનોમાં વર્ષાબેન તથા મિન્કાબેન છે.

(૨) બનાવ છ વર્ષ પહેલા બનેલો. તે સમયે હું મારા ઘરેથી દૂધ ભરાવા જતો હતો તે સમયે મુકેશને ત્યાં બોલાચાલી થયેલી અને ત્યાં હું ઉભો રહેલો અને તે સમયે મુકેશ અને ચાર લોકો ઝઘડતા હતા અને મુકેશને વનરાજસિંગ, વિજુભા, સણધારસિંગ, હુરજસિંહ રહે.ઝેરડાવાળાઓ મારતા હતા તેથી હું છોડાવા વચ્ચે પડેલો અને એ લોકો જણાવતા હતા કે શાલા ઢેઢા કાલે કનુકાકાની દુકાને બેઠો હતો તે સમયે શુ કહીને નાશી ગયેલો અને આજે તારે જેને બોલાવા હોય તેઓને બોલાવી લે, મુકેશે એવુ કહેલુ કે મારી ભુલ થઈ ગયેલી છે હવે મને જવા દો તેવુ જણાઈને મુકેશે માફી માંગેલી તેથી આ લોકોએ જણાવેલ કે અમો બાપુ છીએ અમોને પગે પડીને માફી માંગ તેમ કહીને ભુંડી ગાળો બોલવા લાગેલા અને આ લોકો ઉશ્કેરાઈને મુકેશને ગડદાપાટુનો માર મારેવા લાગેલા અને મુકેશને મારતા જોઈને હુ છોડાવા વચ્ચે પડેલો એટલે મને કહેલ કે તને કોણે બોલાવેલો છે તેમ કહી હુરજસિંહે મને ધકકો મારી પાડી દીધેલ

સાહેદની સહી............................

જેથી બરણીમાં દૂધ ભરેલ હતુ તે ઢોળાઈ ગયેલુ અને તે લોકો મને પણ મારવા લાગેલા અને તેથી અમોએ બુમાબુમ કરતા ત્યાં માવજીભાઈ તથા અન્ય લોકો આવીને અમોને છોડાવેલા અને ત્યારબાદ અમો ઘરે ગયેલા અને ઘરેથી મારા પપ્પા તથા મુકેશના પપ્પા અમો ડીસા રૂરલ પો.સ્ટે.માં ફરીયાદ મે નોંધવેલી. બનાવ સબંધે પોલીસે મારો જવાબ લીધેલો. આરોપીઓ પૈકી એક આરોપી વિપુલસિંહ અને વનરાજસિંહ આજરોજ નામ.કોર્ટમાં હાજર છે, આરોપી નં.૩ ંસુરજસિંગ હાજર ન હોય જેઓના બચાવપક્ષે ગેરહાજરી માફી રીપોર્ટ આપેલ હોય બચાવક્ષે ઓળખ અંગે કોઈ તકરાર નથી.

મને માર્ક:૪/૨વાળી ફરીયાદ બતાવવામાં આવે છે, જેમાં મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છું, જે રજુ દાખલ **<u>આંક:૨૭</u>** આપવામાં આવે છે.

મને માર્ક:૪/૫વાળી જાતીનું પ્રમાણપત્ર બતાવવામાં આવે છે, જે મે તપાસના કામે પોલીસને આપેલ છે, જેમાં મારો ફોટો તથા નામ છે, જે હું ઓળખી બતાવુ છું, જે રજુ દાખલ **<u>આંક:૨૮</u>** આપવામાં આવે છે.

**<u>આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી.એસ.એલ.શેખ..</u>**

(૩) બનાવ સમયે હું ડીસા કોલેજ કરતો હતો. એ વાત ખરી છે કે મારા ઘરેથી ડીસા આવતા એકાદ કલાક જેટલો સમય થાય છે. બનાવ સમયે ડીસા કોલેજ મારી ચાલુ હતી. એ વાત ખરી નથી કે સાજે ચાર વાગે કોલેજ છુટે તો ઘરે જતા સાંજના ચાર પાંચ વાગી જાય છે. મુકેશભાઈ મારા કાકાનો છોકરો થાય છે. તે ટેટોડા શાળામાં ભણતો હતો. ટેટોડા ઝેરડાથી ત્રણ કિ.મી. દૂર થાય છે. ટેટોડાથી બસમાં અપડાઉન કરતા હતા. મુકેશભાઈનો શાળાનો સમય બાર વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધીનો છે. એ વાત ખરી છે કે શાળા છુટયા પછી મુકેશભાઈને ટેટોડા બસસ્ટેશન જાય ત્યાંથી ઝેરડા બસસ્ટેશને આવે છે. એ વાત ખરી નથી કે આ સમય અડધા કલાક કે કલાક સુધીનો થાય છે.

સાહેદની સહી............................

મુકેશભાઈ અગિયારમા ધોરણમાં ભણતા હતા. એ વાત ખરી છે કે બનાવના આગલા દિવસે શુ થયેલુ તેની મને કોઈ જાતમાહીતી નથી. એ વાત ખરી છે કે આ ચાની કીટલી સુરજસિંહ ચલાવતા હતા. એ વાત ખરી નથી કે મુકેશભાઈ અને સુરજસિંગ સાથે ચા ની કીટલીએ પૈસાની લેતીદેતી બાબતે માથાકુટ થયેલી. એ વાત ખરી નથી કે મુકેશભાઈને પૈસા ન આપવા પડે એટલા માટે આ ખોટી ફરીયાદ કરેલ છે.

(૪) માવજીભાઈ વાલાભાઈ સોલંકી તથા સાગરભાઈ મફાભાઈ ડાભી, ગણેશભાઈ મગનભાઈ ડાભી મારા કાકા થાય છે. એ વાત ખરી છે કે આરોપીઓ અમે એક ગામના છીએ. હું આરોપીઓને બનાવ પહેલા ઓળખતો ન હતો. એ વાત ખરી છે કે મને આરોપીઓના નામ જણાવેલા. એ વાત ખરી નથી કે આવો '' તે સમયે હું મારા ઘરેથી દૂધ ભરાવા જતો હતો તે સમયે મુકેશને ત્યાં બોલાચાલી થયેલી અને ત્યાં હું ઉભો રહેલો અને તે સમયે મુકેશ અને ચાર લોકો ઝઘડતા હતા અને મુકેશને વનરાજસિંગ, વિજુભા, સણઘારસિંગ, હુરજસિંહ રહે.ઝેરડાવાળાઓ મારતા હતા તેથી હું છોડાવા વચ્ચે પડેલો અને એ લોકો જણાવતા હતા કે શાલા ઢેઢા કાલ ` કનુકાકાની દુકાને બેઠો હતો તે સમયે શુ કહીને નાશી ગયેલો અને આજે તારે જેને બોલાવા હોય તેઓને બોલાવી લે, મુકેશે એવુ કહેલુ કે મારી ભુલ થઈ ગયેલી છે હવે મને જવા દો તેવુ જણાઈને મુકેશે માફી માંગેલી તેથી આ લોકોએ જણાવેલ કે અમો બાપુ છીએ અમોને પગે પડીને માફી માંગ તેમ કહીને ભુંડી ગાળો બોલવા લાગેલા અને આ લોકો ઉશ્કેરાઈને મુકેશને ગડદાપાટુનો માર મારેવા લાગેલા અને મુકેશને મારતા જોઈને હુ છોડાવા વચ્ચે પડેલો એટલે મને કહેલ કે તને કોણે બોલાવેલો છે તેમ કહી હુરજસિંહે મને ધકકો મારી પાડી દીધેલ જેથી બરણીમાં દૂધ ભરેલ હતુ

સાહેદની સહી...........................

તે ઢોળાઈ ગયેલુ અને તે લોકો મને પણ મારવા લાગેલા અને તેથી અમોએ બુમાબુમ કરતા ત્યાં માવજીભાઈ તથા અન્ય લોકો આવીને અમોને છોડાવેલા અને ત્યારબાદ અમો ઘરે ગયેલા ''બનેલ ન હોવા છતાં ખોટી હકીકત જણાવુ છું. એ વાત ખરી નથી કે મારી પાસે કોઈ જાતીનું પ્રમાણપત્ર ન હોવા છતાં ખોટુ પ્રમાણપત્ર રજુ કરેલ છે. એ વાત ખરી નથી કે હું ડેરીએ કોઈ દૂધ ભરાવા જતો ન હતો કારણ કે અમારા પાસે કોઈ પશુ નથી.

**વિશેષ ઉલટતપાસ નથી.**
**ફેર ઉલટતપાસ નથી.**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૦૯/૦૩/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>એટ્રો.સ્પેશ્યલ જજ, ડીસા |